# કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા ડાંગર પાકમાં નિદર્શન હેતુ બિયારણનું વિતરણ કરવામાં આવ્યું

કૃ.સં.કે, આકૃયુ, સણસોલી-નેનપુર, તા.૨૨/૦૬/૨૦૧૮

કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી દ્વારા ***"સ્ટ્રેન્ધનીંગ એડેપ્ટીવ રિસર્ચ ઇન એગ્રો ક્લાઇમેટિક જોન ઓફ ધી સ્ટેટ એટ આણંદ"*** આયોજિત યોજના હેઠળ ખેડૂતના ખેતર પર કૃષિ વિષયક તાંત્રિકતાની બહોળી પ્રસધ્ધિ તેમજ પ્રત્યક્ષ નિદર્શન ગોઠવવા હેતુ મહેમદાવાદ, ખેડા તથા મહુધા તાલુકાના ૧૦ પ્રગતિશીલ ખેડૂતોને ડાંગરની જાત મહીસાગર ના બિયારણનું વિતરણ કરવામાં આવ્યું. સદર કાર્યક્રમમાં ડૉ. જે. કે. પટેલ (સહ સંશોધન વૈજ્ઞાનિક , કૃ.સં.કે, આકૃયુ, સણસોલી), પ્રો. એસ. એ. સિપાઈ ( મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, કૃ.સં.કે, આકૃયુ, સણસોલી) તથા ડૉ. ટી. આર. પટેલ ( રિસર્ચ એસોસિએટ, કૃ.સં.કે, આકૃયુ, સણસોલી) હાજર રહ્યા હતા. તેમણે લાભાર્થીઓને ડાંગર ની ખેતી પદ્ધતિ વિશે વૈજ્ઞાનિક સમજ તથા તાંત્રિક માહિતી આપી હતી સાથોસાથ ખેતીમાં વૈજ્ઞાનિક અભિગમ અને યોગ્ય વ્યવસ્થાપન થકી પોતાના આર્થિક પાસાને મજબૂત બનાવવાની સલાહ આપી હતી.



